# નળકાંઠાનું નિદર્શન



: પ્રકાશક :

**અંબુભાઈ મ. શાહ**

મંત્રી

**મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર**

હઠીભાઈની વાડી–દિલ્હી દરવાજા બહાર,

**અમદાવાદ–૩૮૦૦૦૪**

# પ્રયોગ ને શ્રદ્ધા

મારા નમ્ર મત મુજબ જે સાહિત્ય સાથે પ્રત્યક્ષ સક્રિય સફળ પ્રયોગોનું અનુસંધાન નથી તેવા માત્ર સાહિત્યથી આજના વૈજ્ઞાનિક અને પ્રાયોગિક જમાનામાં નવી પેઢીની શ્રદ્ધા ઊભી કરી શકાવાની નથી.

એટલે આજે આવું જ્યાં અને જે સાહિત્ય છે, તેની સાથે ખરી રીતે તો આવા સફળ અને પ્રત્યક્ષ સક્રિય પ્રયોગો થયા છે તેમનું અનુસંધાન જ ઊભું કરવાનું છે જેથી પ્રયોગોને જે તન, મન અને સાધનોની જરૂર છે તે મળી રહે અને જ્યાં તન, મન અને સાધનો છે ત્યાં પ્રયોગના અનુસંધાનનો આનંદ મળી રહે. આવી પ્રક્રિયા ઠેર ઠેર ચાલુ થાય તે જરૂરી છે. એમાં જ ચુનંદી શક્તિઓ રોકવી જોઈએ. તો જ સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન આવી શકશે.

સંતબાલ

# નળકાંઠાનું નિદર્શન

ધર્મથી જગત ટકે છે. સમાજમાં ધર્મ અને નીતિનાં મૂલ્યો પ્રતિષ્ઠિત થાય અને જીવન માનવતાભર્યું બને તે માટેનો આ એક સામાજિક પ્રયોગ છે.

સંતબાલ

પ્રારંભમાં પ્રભુ પદે નમીએ તમે અમે
ને તે પછી કૃષકને સ્મરીએ તમે અમે
આ અન્ન નીતિમય મહેનતથી મળેલ જે
તે સત્ત્વ પોષક બનો ચહીએ જ આપણે

o

પચેલા અન્નનું ભર્ગ
વહો વાત્સલ્ય માર્ગમાં
આત્મા ને વિશ્વનું શ્રેય
સંગે સધાય જે થકી

o

સાથે રમીએ સાથે જમીએ
સાથે કરીએ સારાં કામ
કાયમ રહેજો સૌ સંઘાતે
ઘટ ઘટ વસતા શ્રી ભગવાન

# આમુખ

ઉનાળે ઉતેલિયા, શિયાળે સરલા,
ચોમાસે કાળી વેજી, તો જીવે જવલ્લા.

ઉતેલિયાનો ઉનાળો આકરો લાગે. સરલાનો શિયાળો સુસવાટા સાથે શરીરને સોરી નાખે. વર્ષામાં વારિથી વેજી વીંટળાઈ જાય.

ભાલનકાંઠાની ત્રણે ઋતુ કેવી આકરી છે તેનો કંઈક નિર્દેશ આપતી આ કડીઓ છે.

આવા ભાલ નળકાંઠામાં આ સરલા ગામ ધોળકા તાલુકામાં બગોદરા પાસે આવેલું છે. આજે તો બગોદરા ગામની સડક પાસેથી રોજ સેંકડો મોટરો પસાર થાય છે. ૪૫ વર્ષ પહેલાં મુનિશ્રી સંતબાલજીએ આ પ્રદેશમાં પ્રવેશ કર્યો ત્યારે આ પ્રદેશમાં પાકો રસ્તો એક પણ ન હતો. રેલવે સ્ટેશન અને પાકા રસ્તાથી માઈલો દૂર ઊંડાણના આ સરલા ગામમાં એક સવારે ગામમાં એક કૌતક જેવું બન્યું.

એક માજી ઘરના ઓટલા પર બેસી દાતણ કરતા હતા. બાજુમાં પાણીનો લોટો. કંઈક કામસર માજી ઘરમાં ગયા. બહાર આવીને જુવે તો લોટો ન મળે. રસ્તા પર નજર કરે ત્યાં કોઈક સફેદ કપડાંમાં નવતર એવી વ્યક્તિને

ઝડપથી જતી એમણે જોઈ. દોડતાંકને એમની પાસે પહોં-ચીને માજીએ કહ્યું :

'એય ઊભો રે, તારી ઝોળીમાં શું છે તે બતાવ.'

પેલી વ્યક્તિ શાંતિથી ઊભા રહીને હસતાં હસતાં પૂછે છે :

'કેમ માજી! શાંતિમાં છોને ? શું છે ? '

પણ માજીને તો પોતાના લોટાની પડી હતી. એમને શક હતો કે આ કોઈ બાવા જેવો માણસ એની ઝોળીમાં મારો લોટો સંતાડીને લઈ જતો તો નથીને ?

આ વ્યક્તિ તે મુનિશ્રી સંતબાલજી. આગલી રાત સરલામાં રાતવાસો રહ્યા હતા. વહેલી સવારના બીજે ગામે વિહાર હતો. ગામની બહાર નીકળતાં આ માજીના ઘર આગળથી પસાર થતા આમ ઊભા રહેવાનું બન્યું. ત્યાં તો પાછળથી શિયાળના કેશવલાલ શેઠ ( કેશુભાઈ ) અને બીજા આવી પહોંચ્યા. જે મુનિશ્રીની સાથે જ હતા. માજી તેમને ઓળખતા હતા. પછી તો માજીને કેશુભાઈએ સમજાવ્યા. મુનિશ્રીની ઓળખાણ આપી.

આ પ્રસંગ તો એટલા માટે ટાંકયો છે કે એ વખતે આ ભાલનળકાંઠાનાં પછાત અને ઊંડાણનાં પ્રદેશમાં લોકો કોઈ જૈન સાધુ સાધ્વીથી પરિચિત જ ન હતા. કારણ કોઈ આવા ઊંડાણના ગામડાંમાં જતું જ નહિ.

મુનિશ્રીએ નર્મદા કિનારે રણાપુરમાં એક વર્ષ સમૌન–એકાંત વાસની સાધના પછી કરેલા જાહેર નિવે-દનના સંદર્ભમાં ત્યાર પછીના ૧૯૯૪ના વર્ષનું ચાતુર્માસ

અમદાવાદ બાવળા રોડ ઉપર આવેલા વાઘજીપુરા ગામ પાસે સડક પાસે એક કુટિરમાં કર્યું હતું. ચાતુર્માસ પૂ રું કરી નજીકના નળકાંઠાના ગામડાંનો પ્રવાસ મુનિશ્રીએ કર્યો અને ત્યાર પછી તો 'ધર્મ દૃષ્ટિએ સમાજ રચના'ના પોતાના આદર્શ મુજબ સમાજનો વ્યવહાર ગોઠવાય તે માટે પ્રયોગ ભૂમિ તરીકે શરૂમાં નળકાંઠા અને પછી ભાલ વિસ્તારને એમાં ઉમેરી કુલ ૨૦૦ ગામોમાં કામ શરૂ કર્યું. નાનાં મોટાં બધાં જ ગામોમાં મુનિશ્રી એક વખત તો જઈ આવ્યા જ ગામડાં, પછાત વર્ગ અને માતૃજાતિને કેન્દ્રમાં રાખીને કામ શરૂ કર્યું.

તે વખતની એટલે ૪૫ વર્ષ પહેલાંની આ પ્રદેશની ભૌગોલિક,સામાજિક, આર્થિક, શૈક્ષણિક ને સાંસ્કૃતિક સ્થિતિ કેવી હતી તેનો ઊંડાણથી અભ્યાસ કર્યો.

સન ૧૯૩૯ સંવત ૧૯૯૫ માં 'નળકાંઠાનું નિદર્શન' પુસ્તિકામાં મુનિશ્રીએ એની કંઈક ઝાંખી કરાવી છે. તેમાંથી થોડું ટૂંકાવીને આ પુસ્તિકા પ્રગટ કરી છે.

પછાત પ્રદેશના સર્વાંગી વિકાસ માટે મુનિશ્રીએ વ્યાપક અને સર્વગ્રાહી સૂચનો કર્યાં છે જે આજે પણ આયોજનની અને સંકલિત ગ્રામ વિકાસના કાર્યક્રમની વિચારણામાં ઉપયોગી બને તેમ છે.

ભાલનળકાંઠાનાં સમગ્ર ઉત્થાન માટે મુનિશ્રી અને મુનિશ્રી પ્રેરિત ભાલનળકાંઠા પ્રયોગની સંસ્થાઓએ કેવો પુરુષાર્થ કર્યો છે તે સમજવા માટે આજની સ્થિતિના મૂળ સુધી ઊંડા જવું જોઈએ. આ પુસ્તિકાની સાથે જ પ્રગટ

થયેલ બીજી પુસ્તિકા 'પોષી પૂનમ' પણ સાથે સાથે વાંચી લેવી જોઈએ.

આ બંને પુસ્તિકાનું વાચન ભાલનળકાંઠાની પ્રજા ઉપરાંત ગ્રામ વિસ્તારમાં રચનાત્મક દૃષ્ટિએ કામ કરતી સંસ્થાઓ અને કાર્યકરોને ઉપયોગી બનશે એવી આશા છે.

ગુંદી આશ્રમ કારતક સુદ–૧૧ **અંબુભાઈ શાહ**
સંવત ૨૦૩૯

ભલે મળીએ છુટા પડીએ, પરંતુ પ્રેમ અખંડ રહો;
ઝઘડીએ ને ફરી મળીએ, સદા સત્યો અખંડ વહો.

# નળકાંઠાનું નિદર્શન

## ૧

## સ્થળ વર્ણન

માઈલોના માઈલો તમારી દૃષ્ટિની અને દૂર દર્શક યંત્રની મર્યાદાને વટી જાય તેવી આંખો ફેંકયા કરો. તો જુઓ સીધી સપાટ જમીન અને વચ્ચે ઊભેલાં નાગા બાવાની જમાત જેવાં ગામડાંઓ. ચોમાસામાં એ દરિયામાં તરતી બોટો રૂપ અને ઉનાળામાં મહા નદીઓના બેટરૂપ લાગે. પ્રથમ કહ્યું તે પ્રમાણે અહીં રસ્તા તો છે જ નહિ. માણસ અને ગાડાં જ્યાંથી ચાલે ત્યાં રસ્તો માની લેવો અને ચોમાસામાં તો તે પણ બંધ. ચોમાસા વિનાની ઋતુમાં તો જેને દિશાની સૂઝ હોય તે જે દિશામાં જવા ધારેલું ગામ હોય તે દિશાભિમુખ ચાલ્યો જાય, પણ ચોમાસામાં તો જાણીતો જ જઈ શકે. વચ્ચે નાના મોટા ખાડાઓ આવે અને પાણી તો ચોમેર ભરાઈ ગયું હોય એટલે ભોમિયા વગર ચાલતો મુસાફર મુશ્કેલીમાં મુકાઈ જાય !

ભાલની માફક આ પ્રદેશ મૂળે દરિયાનો જ ભાગ હશે ! અહીંની જૂનામાં જૂની વસેલી કોમના ઇતિહાસ પ્રમાણે વધુમાં વધુ ગણીએ તો પાંચ સદી પહેલાં તો અહીં

અરબી સમુદ્ર, ખંભાતના અખાત દ્વારા હીલોળા ખાતો હશે.

## થોડાં રમણીય સ્થાનો

'ખારા રે સમુદરિયામાં મીઠી એક વીરડી રે જી' એ ભજન પ્રમાણે અહીં 'પીપળિયા' નામનો વિશાળ ધરો છે. અડધા માઈલના લંબાણુમાં એ પોતાનું સ્થાન જમાવી બેઠો છે. પાણી સામાન્ય રીતે મીઠું હોય છે પણ ઓછું થાય ત્યારે ખારૂં થાય ખરૂં. છપનિયા જેવા દુષ્કાળમાં એ ગુપ્ત ગંગા ખૂટી ન હતી. ત્યાં ઊંડું પાણી છે. એ એવા સ્થાનમાં છે કે કંઈક વિશાળ યોજના હોય તો ઘણાં ગામોને કૃષિક્ષેત્રમાં ઉપયોગી થાય એવો લોકાભિપ્રાય છે, એ પ્રદેશ પાણીનો એક અખૂટ ભંડાર છે. 'જુઆલ' ગામની પાસે પણ એકથી દોઢ માઈલ વિસ્તારમાં પડેલી ખાઈ છે. તેમાં વરસાદનું પાણી ભરપૂર ભરાઈ રહે છે, લોકો આને 'જુઆલની પાટ' તરીકે ઓળખે છે.

આ આખાય પ્રદેશ ખાતે એક 'રોડ' નામની ગાંડી નદી છે. ખાખરીઆમાંના ઊંચા પ્રદેશમાંથી પાણી ભેળું થતું થતું નદી સ્વરૂપ પકડી કોઈ મદોન્મત્ત હાથણી જાણે પોતાનાં પ્રિયતમને મળવા કાં ન જતી હોય! તેવી ગતિએ અને મહાકાય સ્વરૂપે ચાલતી ઠેઠ ભોગાવા નદીમાં જઈ મળે છે. આ વહી જતાં પાણી ફક્ત ચોમાસા પૂરતાં જ હોય છે. પછી આ બન્ને નદીઓ સાવ સૂકી જ હોય છે. આ કરોડો ગેલન પાણીનો ઉપયોગ થાય તો અહીંના

ખેડૂતોને આશીર્વાદ રૂપ એ થઈ પડે એવી દૃષ્ટિ 'ઇરીગેશન' ખાતાને સૂઝી છે, પણ વધુમાં વધુ ગામોને ઉપયોગી કેમ થઈ શકે એ માટે અહીંના અનુભવી જનોની ઉસ્તાદ ઈજનેરો સલાહ લે, તો એ વધુ ઉપયોગી સ્વરૂપ પકડશે.

## ઐતિહાસિક દૃષ્ટિએ

કેટલાંક સ્થળોમાંથી ખોદાણ કરતાં દટાઈ ગયેલાં સેંદ્રિય અવશેષો અને જૂના બીજા પ્રાચીન ઐતિહાસિક નમૂનાઓ વગેરે મળે છે.

અહીં પૂર્વે ગાયોનાં ટોળાંઓ પુષ્કળ પ્રમાણમાં રહેતાં પણ કાઠી, બહારવટિયા તથા ધાડપાડુઓનાં ટોળે ટોળાં ઊતરી પડતાં અને વારંવાર પોતાની તરાપ મારતાં. બહુધા અજ્ઞાત પ્રદેશ હોઈ સરકારની મદદ ભાગ્યે જ મળતી, એટલે ગામોગામ જુઓ તો પાદરમાં મીંઢળબંધા જુવાન શહીદોનાં અમર સ્મારક સંખ્યાબંધ દેખાશે. પણ એ મદદ નહિ મળવાને કારણે અને એ અજ્ઞાત પ્રદેશ હોવાને કારણે જેમ કેટલીક અસાધારણ અગવડો એણે વેઠી લીધી છે તેમ એ જ કારણે હિંદની પ્રાચીન સંસ્કૃતિ અને વીરતા સારા પ્રમાણમાં જાળવી રાખી છે. ગામેગામ નજરે ચડતા પાળિયાઓ તરફ દરેક ગામનો અસીમ સદ્‌ભાવ હોય છે અને તેવા પરકાજે ભોગ અપાયેલા જીવોને દેવરૂપ ગણી, એ તીવ્રશ્રદ્ધા ધરાવે છે.

મેઘાણી જેવા વીરતા રસિક સાહિત્યકારો, ઈતિહાસ પ્રેમી અભ્યાસીઓ તથા વૈજ્ઞાનિકોનું આ પ્રદેશ તરફ લક્ષ

ખેંચવા જેવું છે.

## મુખ્ય વસતિ

આ આખા પ્રદેશમાં આંગળીને વેઢે ગણીએ તેટલાં ચાર–પાંચ ગામો બાદ કરતાં મુખ્ય વસતિ 'તળપદા કોળી પટેલિયા' કે જેમને હવે (સંમેલનો પછી) લોકપાલ પટેલ તરીકે ઓળખવામાં આવે છે, તેમની છે.

ખરી રીતે તો આ 'લોકપાલ પટેલ' કોમે જ આ પ્રદેશ વસાવ્યો છે અને પઢાર સિવાયની બીજી જાતિઓ તો એમની ખાનપાન વ્યવસાયાદિ સગવડ જાળવી પૈસા કમાવાનું લક્ષ રાખી આવી વસી છે. પઢાર લોકો અહીંની પ્રાચીન વસતિ એટલું જ નહિ પણ ભારત વર્ષની પ્રાચીન જાતિઓમાંય એનો સમાવેશ થાય તેવી એ જાત છે. જો કે તે કપડાં પહેરે છે, પણ રહેવા માટે ભીલની જેમ એમને ભાગે કુબા જ હોય છે. નળસરોવરમાં પાણી ન હોય, ત્યારે મધ્યમાં જઈને પણ તે વસે છે. અને વર્ષાનું પાણી જ્યાં ભરાયું હોય તે પી તથા બીડ માંહેલું અનાજ ખાઈ પોતાનો અને પશુનો ગુજારો કરે છે. એક માનવ બંધુની કાળી મજૂરીના બદલામાં આ દશા ન્યાયી કુદરત ક્યાં લગી સહન કરશે ? એની કરડી આંખ થાય તે પહેલાં ચેતાય તો કેવું સારું ?

## રહન સહન, ખાનપાન ને શરીરશ્રમ

આ લોકોને રહેવા માટે ગારમાટીનાં સાદાં ઘરો,

પહેરવા માટે જાડાં સાધારણ કપડાંઓ અને ખાનપાનમાં મુખ્યત્વે જુવાર અને ઘઉંના રોટલા, પુષ્કળ મરચાંની ચટણી, છાશ અને ખીચડી અને બીજું દૂષણરૂપે આવેલો માંસાહાર ('માંસાહાર' અને હત્યા બંને સંમેલનો પછી એમણે પ્રતિજ્ઞાપૂર્વક સદંતર તજ્યાં છે. ચોરીછૂપીથી પણ એવા ગુના પકડાય ત્યારે એ કોમ એવા ગુના પ્રત્યે ઘૃણાની દૃષ્ટિથી જુએ છે. 'સંમેલન' પહેલાં સાર્વત્રિક એ વસ્તુ નહોતી). ગાયોના ટોળે ટોળાં હવે નથી દેખાતાં. કોઈ કોઈને ત્યાં ભેંસો હોય છે. ભેંસો તથા બળદને ખાવા માટે ડાંગરનું ઘાસ, ઘરો અને કડબ તેમજ કામ વખતે ગુવાર અને કપાસિયાં આપે છે. ખારી જમીનમાં થતું ઘણુંખરું ઘાસ ઢોર ખાઈ શકતાં નથી; અને કપાસના છોડનો પાલો તો કામમાં આવે જ શાનો? એટલે ઢોર એ રીતે દુર્બળ રહે છે, અને લોકો ગજા ઉપરાંતનો શરીરશ્રમ કરવા છતાં પૌષ્ટિક ખોરાકને અભાવે શક્તિ વહેલી ગુમાવી બેસે છે.

## આર્થિક અવનતિનાં કારણો

આ લોકોને બંધના પાણીથી મોટી રાહત મળે છે અને ક્યારીમાં સેંકડો મણ ઘઉં પકવે છે, પણ એ ડાંગરના ઢગ માત્ર ગગનરંગ જેવા ક્ષણજીવી દેખાઈને આખરે બાવલા, સાણંદ અને વિરમગામ વચ્ચે વહેંચાઈ જાય છે, અને થોડા ઘણા રહ્યાસહ્યા હોય તે અહીંના વેપારીને ઘેર ચાલ્યા જાય છે. સો સો વીઘાં જમીન ખેડ-

નારા શ્રમજીવી ખેડૂત અને એક હજાર મણ ડાંગર તથા ચારસો મણ કાલાં પકવનારા પરિશ્રમી ખેડૂતના ઘરમાં મોસમ વીતી ગયા પછી ખાવાના દાણાના વખા પડે, એના અંગ ઉપર પૂરાં વસ્ત્ર ન મળે. આખું ઘર (આબાલ-વૃદ્ધ) બારે માસ મજૂરી કરવા છતાં દેવાદાર રહે. આનાં કારણો શાં હશે? જો કે એ તો બિચારો નસીબનો દોષ કાઢી જીવી રહ્યો હોય છે, પણ એ અવનતિમાં એના નસીબ કરતાં માનવજાતિનું નસીબ વધુ જવાબદાર છે. એક પચીશી પહેલાં બાવલામાં બંગલા, હવેલીઓ નહોતાં, હવે બાવલા બંગલામય બની ગયું છે, પ્રથમ સાણંદની બોલબોલા હતી. પણ સાણંદનો વારો બદલાયો છે, અને બાવલાનો તાજો છે, એમ લોકવાણી બોલે છે, પણ સાણંદ અને બાવલાનેય અમદાવાદ, મુંબઈ જેવાં શહેરો ક્યાં છોડે એમ છે અને એમનેય પાછાં ઓઈયાં કરનારનો ક્યાં તોટો છે? સટ્ટો અને વિલાસ, માંહોમાંહે કુસુંપ અને મોભા જાળવવા પાછળની માથાફોડ. આખરે દર્દ અને અધઃપતન!!!

આર્થિક અવનતિ માટે (૧) અક્ષરજ્ઞાનનો સદંતર અભાવ (૨) વહેમી અને ભોળું માનસ (૩) વ્યસનો અને સામાજિક રિવાજો પાછળના હદ બહારના ખર્ચાઓ મુખ્યત્વે જવાબદાર છે.

## નૈતિક દષ્ટિએ

ચોરી કરવી, ઓઘલા બાળવા, કોઈની સવેલી ઉપાડી

જવી અને જીવહિંસા એવાં દૂષણો એમનામાં મોટે ભાગે દેખાતાં. (અહીં દેખાતાં પ્રયોગ જાણી જોઈને કર્યો છે. કારણ કે સંમેલનો બાદ નવાં બંધારણો ઘડાયા પછી આવા ગુના નહિવત બની ગયા છે અને જે થયા છે; તેમના પરત્વે કોમના આગેવાનોએ એમની ભૂમિકા પ્રમાણે ભરચક પ્રયાસ કર્યો છે, આ જ રીતે ચાલે તો એમનો આખો આ નવીન રચાતો ઈતિહાસ કાયમ રહે અને ભવ્યતાનું સ્વરૂપ પકડે એવી વકી છે.)

ચોરી અને જીવહિંસા કરવાનું મૂળ કારણ એમની તંગસ્થિતિ છે. અનાજ પેટપૂર ન મળે એટલે બંધના જળમાં ગેલ કરતાં નિર્દોષ માછલાં, સીમની વાડોમાં ફરતાં સસલા, હરણ કે ઉડતાં પંખી તરફ અથવા ભરવાડના ઘેટાં, બકરાં તરફ દિલ જાય અને ચોરી કરવાનુંય સૂઝે, પણ અનુભવ પછી એમ જણાયું કે એ દુર્ગુણો એમને પચ્યા નહોતા, એમને સાલતા હતા, અને કેટલોક વર્ગ એવો પણ હતો કે જે આ દુર્ગુણોથી નીરાળો અને એમના પ્રત્યે તિરસ્કારની દૃષ્ટિએ જોનાર હતો. જો કે અમુક ગામ એવાં પણ હતાં કે એમનો એ જ મુખ્ય ધંધો થઈ પડયો હતો, પણ એવાં ગામોનું એમના સમાજમાં વજન નહોતું. એથી જ જોતજોતામાં ચમત્કારિક જાગૃતિ આવી અને આખો ઇતિહાસ ફેરવી નાખ્યો એમ લાગે!

આ કોમમાં સવેલી ઉપાડી (સવેલી ઉપાડી જવી એટલે કોઈની પરણેતર બાઈને ઉપાડી જવી. સંમેલન પહેલાં આવા ગુના આ કોમમાં બહુ બનતા.) જવાનાં

કારણોમાં અણબનાવ, હુંસાતુંસી અને અભિમાન વધુ ભાગ ભજવે છે. ઓઘલા બાળવાનું મૂળ કારણ તો સવેલી ઉપાડી જાય અને જેની સવેલી ઉપાડી જાય અને જેની સવેલી ઉપડીને જે ગામમાં ગઈ હોય અથવા જે ગામમાં એના ગુનેગારનાં સગાંનો નિવાસ હોય ત્યાં જઈ ધાન્ય કે ઘાસના ગંજમાં જઈને આગ લગાડે અને જાસાચિઠ્ઠી બાંધે. આ આગ એટલે પોતાના 'ચોર' પાસેથી પોતાની વસ્તુ અપાવવાની ફરિયાદનું ચિન્હ આ પ્રથાનું મૂળ ઘણું પ્રાચીન છે. એમના વડવાઓ એવો ઉપદેશ કરતા કે એક બે પૂળા બાળીને જાસાચિઠ્ઠી બાંધવી, વધુ ન બાળવા. પણ આ તો વાંદરાની નિસરણી જેવું થયું! પછી મર્યાદાની આશા શી? એમના વડવાઓ આ માર્ગ સૂચવતા એની પાછળ પણ સરકારની મદદનો અભાવ સ્પષ્ટ તરી આવે છે. પછી જોઈએ તો એ મળતો ન હોય અથવા એ મદદ લેવાની આ કોમને ઇચ્છા ન હોય. તે ગમે તે હો! પણ આજે સુધ્ધાં કોર્ટ કચેરીનાં કે ફોજદારનાં દર્શન અસહ્ય વેદનાને ભોગે પણ તેઓ વાંચ્છતા નથી.

## ધાર્મિક દૃષ્ટિએ

વહેમને લીધે દેવી આગળના છૂપા પશુવધો અને દર્દ અથવા કોઈ પણ આફત ઊભી થાય કે તુરત જ દેવીની માનતા, ભૂતપ્રેતની શંકા અને કાં તો ડામ દેવાની પ્રથા એ જ એમના પહેલા અને છેલ્લા ઉપચારો, આથી

વાસ્તવિક પુરુષાર્થમાં અને નક્કર ધર્મજીવનમાં હાનિ થાય એ સ્વાભાવિક છે.

## શારીરિક દૃષ્ટિએ

એ લોકો શરીર જાળવણી પ્રત્યે ઘણા જ બેદરકાર રહે છે. તળાવ અને હવાડામાં છોકરાં ન્હાય, મોટેરાં ન્હાય, મેલું ધોવાય, ઢોર પડે અને પાછું એ જ પાણી પીવામાં વપરાય, ચોમાસામાં ખેતરમાં શ્રમ કરતાં હોય ત્યારે ભાત જાય એની સાથે ચોખ્ખું જળ લઈ જવાનો રિવાજ ન હોવાથી ત્યાંનું જ કચારીમાં પડેલું ગંદુ અને કચરાવાળું પાણી વપરાય.

ઉપરાંત ગામની નજીક (જગ્યાના અભાવનું બા'નું કેટલેક સ્થળે ગણી શકાય પણ મોટે ભાગે તો પોતાની કાળજીને અભાવે) એવા સ્થાનમાં ઉઘાડા ઉકરડાઓ હોય છે કે જ્યાંથી બદબો વેરાઈને આખા ગામને અસર કરે છે. આથી બે નુકસાન થાય છે. (૧) શારીરિક સ્વાસ્થ્ય બગડે છે અને (૨) મહામૂલ્ય ખાતરનો કસ ધોવાઈ જાય છે.

શરીર શુદ્ધિ તરફ એટલી બેદરકારી હોય છે કે કેટલાકને તો વરસાદ જ ઉપરથી પડીને પરાણે નવડાવે છે અથવા સ્મશાન યાત્રાએ જાય ત્યારે ન્હાવું પડે છે.

ધાન્ય શુદ્ધિ તરફ પણ બેદરકારી હોય છે. ઘરમાં અને આંગણામાં ચોકખાઈની દૃષ્ટિને અભાવે અને ભંડકિયાં જેવાં એક જ બારણાવાળાં ઘરની બાંધણી તથા

ઢોરો પણ ઘરમાં રાખતા હોઈ માખી અને મચ્છરોનું જોર રહે છે અને ઘર બદબો મારતું હોય છે. એટલે મોટો ભાગ હમેશાં બિમારીથી રીબાતો રહે છે. ચોમાસામાં પાણી ચોમેર ભરાઈ રહેતું હોઈને તે ઋતુમાં 'મેલેરિયા' એ અહીંનું સર્વ સાધારણ દર્દ થઈ પડે છે. એટલે ચામડીનાં દર્દો, તાવના ઉપદ્રવો અને ખોરાકની અવ્યવસ્થા તથા આબોહવાને લીધે 'વા', 'ક્ષય' વગેરે ભયંકર દર્દો જોર પકડે છે. મરચાં અને ડુંગળીનો અતિ પ્રમાણમાં વપરાશ તથા ઘી, દૂધ, છાશની ઓછપને કારણે આંખનાં તેજ ઝાંખાં પડી આંખનાં દર્દો વધી પડે છે.

## રાષ્ટ્રીયતા

રાજકીય વાતાવરણથી તો એ તદ્દન અસ્પૃશ્ય છે. ખારાઘોડાના મીઠાના અગરની કૂચ વખતે એમાંના ખાખરિયા પ્રદેશવાળાં કેટલાંક ગામોને રાષ્ટ્રીય ચળવળની આછી પાતળી રેખા મળી, પણ એ વખતની પડેલી અસર વિવેકપૂર્ણ અને વિશુદ્ધ નહોતી.

## પશુધન

પશુધન બહુ નજીવું છે. લગભગ એકસો વીઘાંએ ત્રણથી ચાર બળદની એવરેજ આવે છે, અને જે બળદ છે, તે ખારી જમીન, મીઠા પાણીની પૂરી અગવડ અને ઘાસચારાને અભાવને લઈને બહુ જ દુર્બળ છે. ગાયો બહુ ઓછી છે. સંધી પાસેથી બમણી કિંમતે હપ્તા ઠરાવી બળદ

લેવાય છે અને સંધીઓનું દેવું એટલે પઠાણી દેવું ગણાય. ઉઘરાણીએ આવે ત્યારે આખા ટોળાંના ગામો ગામ ધામા લાગે. ખાધાખર્ચના ને ઘોડાનાં જોગણુ પણ ખેડૂતને જ માથે. આવી પરિસ્થિતિમાં કંગાળ દશા સિવાય બીજું શું હોય ?

## પાણીની હાડમારીઓ

આખાય પ્રદેશમાં એવાં વીશેક ગામ માંડ નીકળે કે જ્યાં કૂવો, હવાડો અને બંધની પૂરી સગવડ હોય ! બાકી તો એવાં ગામો પુષ્કળ છે કે જ્યાં વીરડા ગાળીને ચાંપવું ચાંપવું પાણી મેળવા નિર્વાહ કરવો પડે છે. જ્યાં મનુષ્યની આવી દશા હોય ત્યાં ઢોરની દુર્દશાનું તો પૂછવું જ શું ?

## અસ્પૃશ્યતા

અસ્પૃશ્યતાનો રોગ અહીં હળાહળ છે અને તે માત્ર સવર્ણોમાં જ નહિ પણ હરિજનોમાં પણ માંહોમાંહે સોળે સોળ આના. છતાં એટલું ખરું કે તેઓ વચ્ચે માનવ સુલભ માયાળુપણું ઠીક ઠીક છે.

## રસ્તાઓ

વળી અધૂરામાં પૂરું રસ્તાઓ વ્યવસ્થિત ન હોવાને કારણે ઢોરને માલ લાવવા લઈ જવામાં અપાર મુશ્કેલી પડે છે. ખાસ કરીને ચોમાસામાં તો ગાડા વ્યવહાર

પણ મુશ્કેલ થઈ પડે છે, એથી ગામના વ્યાપારીઓ પાસેથી જ ખરીદવાનો એક માર્ગ માત્ર રહેવાને કારણે દર વધુ આપવો પડતો હોઈ આર્થિક બોજો વધુ પડે છે.

## શાળાઓ અને દવાખાનાંઓ

દવાખાનાંઓ છે નહિ, અને ખરી રીતે અહીં નૈસર્ગિક ઉપચારોના પ્રચારકોની જરૂર છે, દવાખાનાની નહિ! નિરક્ષરતાનું પ્રમાણ જોવું હોય તો ૩૯ ગામના વસતિપત્રકમાં ૭૪૭૧ની વસતિમાં ૨૪૪ ભણેલા છે. એટલે ૧/૩૦ ભાગ અને તે પણ 'ચકપલખ' જેવી સહી કરતાં આવડે તેવા જ ભણેલા. એટલી વસતિમાં ગુજરાતી સાત ચોપડી ભણેલો માત્ર એક જ જણ છે.

આટલી નિરક્ષરતાની રાક્ષસી ફાળ વચ્ચે એની બૌદ્ધિક સંપત્તિ, અસાધારણ સ્મૃતિ દ્વારા સાચવેલી સાહિત્યિક સામગ્રી જોઈ વિસ્મય થઈ જવાય છે.

એક સાવ નિરક્ષર કવિનાં કંઠસ્થ રાખીને સ્વયં-રચિત મોટા કાવ્યભંડોળમાંની થોડી વાનગીનો રસાસ્વાદ ચાખ્યો. એમાં રહેલી ભાષાની ઝમક, ભાવનું તલસ્પર્શી-પણું અને સ્વાભાવિકતા જોઈ એમને સાક્ષર બનાવ્યા પછી આથી આગળ હઠશે કે પાછળ! એ એક કોયડો થઈ પડે છે.

અમેરિકન કુમારી 'હેલન કેલર' વાચા, શ્રવણ અને ચક્ષુ ત્રણેથી અપંગ હતી. એને સાક્ષાર બનાવવામાં 'સલીવને' જીવન સમર્પ્યું, પણ સાક્ષર બન્યા પછી એ

અપંગતા ટળી ને પ્રતિભા સાંપડી! નિરક્ષરતારૂપી અપંગતાથી ઘેરાયેલા કવિની પ્રતિભા નિહાળી ક્ષણભર એ કુમારીની પ્રતિભા ભૂલી નહિ જવાય શું?

## સામાજિક દૃષ્ટિ

પણ આ બધાં કરુણ ચિત્રો નિહાળ્યાં પછી એક અદ્ભુત દર્શન સાંપડે છે, તે એમની સામાજિક વ્યવસ્થાનું અને કેટલાક અવ્યક્ત દૈવકોટિના સદ્ગુણોનું. પ્રાચીન ભારતની ગ્રામ પંચાયતોનો આદર્શ સોળે કળાએ ખીલેલો અને સફળ થયેલો અહીં આબેહૂબ દેખાય છે.

(૧) માનકોલ ચોવીશી (૨) ઝાંપ નાનોદરા ચોવીશી અને (૩) કમીજલા અડતાલીશી. ચોવીશી એટલે ચોવીશ ગામનું સામાજિક બંધારણ. આગેવાન પટેલિયાઓ જે ધોરણ નક્કી કરે તે પ્રમાણે સમાજે ચાલવું જ જોઈએ, ન ચાલે તેના પર દંડ અને છેવટે અસહકારનું શસ્ત્ર એટલું જબરું કે પછી એને સહભોજનનો કે સાથનો કશોય હક ન રહે, બેનબેટીઓ પણ એમને ત્યાંનું ભોજન ન લે! જો કે આ પ્રથામાં શુદ્ધ અહિંસક દૃષ્ટિએ ઘણાં દોષો છે જ. પણ જ્યાં અંધેર અને અવ્યવસ્થા ટાળવા માટે બીજું સામાજિક હથિયાર ન હોય ત્યાં આ એક સાધન તરીકે કામ આપે છે, પણ અસહકાર પાછળ જે અણિશુદ્ધ દૃષ્ટિ જોઈએ તે પ્રજામાં હવે ખીલવવી પડશે.

જૂના કાળની પ્રથા પ્રમાણે અહીં પણ ખેપિયાઓ દ્વારા પોસ્ટનું કામ સરી રહે છે. એ એકલી કોમ તેમજ

બેટી વ્યવહાર નજીક હોવાથી સગાંવહાલાંઓમાં જાઆવ નિત્ય રહેવાથી પોસ્ટની ગરજ હોતી નથી. મોટર અને આગગાડીનાં સાધનો કવચિત જ જોયાં હોવાથી પગે પંથ કાપવાની શક્તિ જળવાઈ રહી છે.

## કેટલાંક સદ્ગુણો

## ૨

લોકો પ્રકૃતિના એટલા સરળ, નીખાલસ અને ટેકીલા છે કે વૈરી સાથે પણ સંધિ થયા પછી હેત ઢોળી શકે છે અને જે વાત ઝાલે, તેને જીવ સાટે પાળવાની વૃત્તિ પણ રાખે છે. એક પ્રસંગ ટાંકવાથી એમની ટેકીલી વૃત્તિનો કંઈક ખ્યાલ આવશે. (આ માટે જુઓ પા. ૪૪).

શુદ્ધ ધાર્મિક રીતે એમના હ્રદયમાં વાસ કર્યા પછી એમને દોરવણી મળે તો ઉજળિયાત કોમો કરતાં આ કોમો જલ્દી આગળ આવે. ખરા ધર્મની હૂંફના અભાવે જ એમનામાં દૂષણો વધ્યાં છે એવી મને પ્રતીતિ થતી રહી છે. જો એ હૂંફ નિરંતર મળ્યા કરે તો વહેમ અને અંધશ્રદ્ધાને બદલે પુરુષાર્થ, નિર્ભયતા અને પ્રભુનિષ્ઠા પરિપકવ થાય, કારણ કે કુતર્ક પ્રધાન બુદ્ધિ કેશંકાશીલ માનસ કરતાં એમનાં નિષ્કપટી હ્રદય વધુ તેજ અને તાકાતવાળાં છે.

# લોક અદાલતની ભૂમિકા

## ૩

'નાતના કાયદા' એટલે એમને મન 'વેદવાક્ય'. સંમેલન પછી તુરત જ ગુનાઓનું પ્રમાણ ઘટવા માંડ્યું. પણ તે પહેલાંની જૂની કન્યાઓના વાંધા [કન્યાને એના માબાપ સાસરે ન મોકલતા હોય કે તેના પતિએ ન ગમવાથી બીજી કરી હોય અને પહેલીના છૂટાછેડા (સકારણ છૂટાછેડા એ કોમમાં થઈ શકે છે તે) ન કર્યા હોય એવા વાંધા] પતાવવા તથા પૂર્વના ગુનાઓનો ફડચો કરવા માટે મેમ્બરોની એક કમિટી ફાંગડી મુકામે મળી હતી. તે વખતે નાનામોટા લગભગ ૧૨૫] કેશ આવેલ હતા. બે દિવસમાં એ લોકોએ ૮૦] કેશનો ફડચો આપી દીધો. જે રહ્યા તે આપમેળે પતી જાય તેવા ને સાધારણ રહ્યા. બહુ મહત્ત્વના ને મુશ્કેલીભર્યા પાંચેક સકારણ રહી ગયા.

બે જ દિવસમાં આટલું કામ અને તે પણ રીતસર—વ્યવસ્થિત જોઈ કોઈને પણ આશ્ચર્ય થયા વગર ન રહે. પટેલિયાઓમાં આટલી બધી તર્કશક્તિ અને આવડતનું મને તો આ પ્રથમ જ દર્શન થયું. ફરિયાદી અને આરોપી બન્નેની વિગતો ઝીણવટથી સાંભળવી, ગુનેગારની ઉલટ તપાસ કરવી અને કેટલીકવાર ફરિયાદી પોતે જ ગુનેગાર હોય તે શોધી કાઢવું એમાં કેટલું અસાધારણ બુદ્ધિબળ

જોઈએ ! એનું મૂલ્ય ન્યાયાધીશ ભેજું જ મૂલવી શકે ! પણ મને જે ગમ્યું તે તત્ત્વ તો એ લોકોની અલૌકિક શ્રદ્ધા !

આ પ્રદેશમાં ચાર પાંચ શ્રદ્ધેય સ્થાનો છે :

(૧) મોડાસરના મહાદેવ (૨) દેવ ધોલેરાના મહાદેવ (૩) મેટાલનાં મહાકાળી માતાજી (૪) કુમરખાણનું ગુરુ મંદિર અને (૫) ઝાંપના પીર.

આવાં સ્થાનોમાં જંગી મેળાઓ ભરાય છે અને એ વિષે ખૂબ ચમત્કારોની વાતો ફેલાયેલી છે. કુમારખાણ મંદિરના સદ્ગત મહંત પર આ કોમનો પૂર્ણ પૂજ્યભાવ હતો. જો કે ચમત્કાર વાતોનાં રૂપકો પાછળ લાક્ષણિક તથ્ય તો છે જ, પણ મુખ્યત્વે તો એમનું અપાર શ્રદ્ધાબળ જ ઉલ્લેખવા યોગ્ય છે.

ફાંગડી પછીથી નાની મોટી અનેકવાર પંચોની મિટીંગ શિયાવાડા, ચલ, રાણિયાપરા, માનકોલ, સાંકોડ, હઠીપુરા ઇત્યાદિ સ્થળે મળી ગઈ. લગાર પણ ગુનો થયો કે ફરિયાદ આવી જ છે; અને તેનો ફડચો પણ થઈ જાય છે. અગાઉ આગેવાનો કામ કરતા પણ લાચરૂશ્વતે સ્થાન જમાવેલું એટલે એમનું વજન નહોતું. હવે તેઓએ એ પદ્ધતિ માંડી વાળી છે, એટલે પ્રજા હૃદયમાં એમનું સ્થાન ઠીક જામતું જાય છે પણ પીઠબળ અને વાત્સલભાવી લોકસેવકની દોરવણીની હજુ જરૂર તો છે જ.

## બેઠેલા સેવકોની પ્રવૃત્તિઓ

પ્રિય છગનભાઈને તો 'માનકોલ' અને 'હઠીપરા' માટે અંબાલાલ સારાભાઈએ રોકયા છે. પણ એમની નિસર્ગરુચિનું વલણ લોકસેવા તરફ જ હોઈ એ પોતાનું કામ બજાવવામાં પ્રજાહૃદય પ્રવેશનો આદર્શ સામે રાખ્યાં કરે છે, અને નલકંઠા ખાતેની બધી પ્રવૃત્તિઓ તરફ એમને કેવો રસ છે અને ધગશ છે!

પ્રિય જૂઠાભાઈ અમદાવાદ ખાતે જ રહે છે, છતાં એમણે ત્યાં રહ્યાં રહ્યાં પોતાની દૃષ્ટિ આ તરફ રાખી છે. એ નલકંઠાની પ્રવૃત્તિઓનું હૃદય છે, એ જ રીતે પ્રિય છોટુભાઈ! સાથીઓ એમને નલકંઠાના સરદાર તરીકે ઓળખે છે અને નલકંઠાની ભક્તિમાં બીજા છે ભાઈલાલ-ભાઈ! એના ધબકતા શોણિતમાં લગની છે.

## કેન્દ્રો

પ્રિય ભાઈલાલભાઈએ કેળવણીનું ક્ષેત્ર સંભાળ્યું છે. પોતાના મિત્રો અને બહારની આર્થિક મદદથી, તેમજ ગામ લોકોની શારીરિક મદદથી તથા પોતાના પરિશ્રમથી 'દેગામડા' ખાતે 'સરદાર સેવાશ્રમ'નું મકાન ઊભું કરી એકસોબત્રીસ ગામના ચુનંદા બાળકોને વર્ધા યોજના પ્રમાણે શિક્ષણ આપવા સારુ છાત્રાલય ચલાવવા પ્રયત્ન કરે છે. એમના બીજા ત્રણેક મિત્રો ખેંચાઈ આવ્યા છે; તે ત્રણ ચોવીશીમાં જુદા જુદા કેન્દ્રે બેસવા ઇચ્છે છે.

પ્રૌઢ શિક્ષણ સમિતિના અમદાવાદ જિલ્લાના મંત્રી

ઝવેરી પન્નાલાલભાઈએ બોર્ડ દ્વારા પદ્ધતિસર ન થઈ શકે, ત્યાં ત્યાં ખાનગી મંડળ દ્વારા શાળાઓ અને પ્રૌઢ માટે રાત્રિશાળાઓ લગભગ પચ્ચીસેક સ્થળે ખોલી દીધી છે.

આર્થિક રાહત માટે શ્રી જૂઠાભાઈ દ્વારા એક સસ્તા અનાજની દુકાન 'માનકોલ' ખાતે ખોલાઈ છે અને શેઠ શ્રી અંબાલાલ સારાભાઈએ આર્થિક મદદ કરી સહકારી મંડળી ખોલી છે.

આ દુકાનમાં રોકડેથી અથવા વસ્તુ વિનિમયથી વસ્તુ આપવાનું ધોરણ નિયત કર્યું છે એટલે તાત્કાલિક પ્રજાને ફાવતું નથી, કારણ બે છે:—૧. ઉધાર લેવાની પડેલી આદત અને ૨. તંગ આર્થિક દશા. પણ એટલો તો લાભ થાય જ છે કે બીજા ગામના વેપારીઓ એથી વધુ ભાવ લઈ શકતા નથી અને લે તો ઉઘાડું પડી જાય છે અને સહકારી મંડળી તરફથી જેમને નાણાં મળ્યાં છે તેમને તો લાભ થયો જ છે; નહિ તો એ લોકોને દરવર્ષે વટાવ અને નફા બદલ રૂા. ૫૦૦ બીજા ગુમાવવા પડતા એવા આંકડા જોવા મળે છે.

મંત્રીજી ડાહ્યાભાઈ કે જેમના રોમે રોમે 'લોકપાલ' પટેલોની સેવાના કોડ ઝળકે છે, અને "હાલો નલકંઠા-માં" એ જેમનું જપ સૂત્ર છે તે તથા એક બીજા સેવક ત્રણે ચોવીશીના ગામડાંઓમાં ફરી નૈસર્ગિક ઔષધો-પચાર, થયેલા બંધારણ પ્રમાણે વર્તાવ છે કે કેમ તથા એ બંધારણના પરિણામના ગુણદોષોનું નિરીક્ષણ કરી

લોકપાલ પટેલોના આગેવાનોની જાગૃતિમાં નિરંતર સાથ આપે છે.

## ગ્રામ આયોજન

### ૪

### સરકારનું લક્ષ્ય

મહાસભાના હાથમાં કાબૂ હોઈ, આ પ્રદેશ પ્રત્યે સરકારનું હવે વધુ ને વધુ લક્ષ્ય ખેંચાયું છે. પણ આ લોકો સૌથી પહેલી તકે તો ખેતી માટે જળ તથા સાધનોની યથાશકય સગવડ, મીઠાપાણીની સગવડ અને રસ્તાની સગવડ માગી રહ્યા છે. ઋણ રાહત બિલનો ખરડો આવવાને કારણે વ્યાપારી વર્ગનાં દિલ ડોળાયાં છે, એટલે ધીરધાર ઓછી થઈ છે. પણ આ વર્ષે બંધારણને લીધે ખર્ચ બહુ ઓછું થતાં તથા 'ચા' વગેરે વ્યસનો જતાં લોકોની આર્થિક જરૂરિયાતો ઘણી જ ઓછી થઈ ગઈ છે, છતાંય બિલકુલ ધીરધાર બંધ થવાને કારણે કેટલાંકને મુશ્કેલી પડવાનો સંભવ છે જ પણ ત્યાં બીજો ઉપાય નથી. સહકારી મંડળીઓ બધે સ્થળે ઊભી થઈ શકે તેવી સ્થિતિ નથી અને અજ્ઞાત મનુષ્ય આર્થિક ધીરધારમાં પહોંચી વળે તેમ નથી.

બંધારણ પછી રૂા. ૧૦૦) માં લગ્ન થઈ શકે તેવી સ્થિતિ હોવાથી આ વર્ષે લગભગ ૧૦૦૦) ઉપરાંત લગ્ન થયાં હશે. પ્રથમ ઓછામાં ઓછા, લગ્ન દીઠ, રૂપિયા

અઢીસો ખર્ચ થતો! પણ જો ઓછાં ખર્ચે લગ્નો કરી તે ધન બચાવ્યું હોત તો એમને 'બી', 'કપાસિયા', 'ગવાર', 'ગોળ' અને ખાદ્ય અનાજની સગવડમાં ઉપયોગી થાત પણ તેવી દૂરદર્શિતા હજી એમને ગોઠતાં વાર લાગશે!

## એમના ઉજ્જવળ ભાવિની જરૂરિયાતો

(૧) કૃષિ વિજ્ઞાનના નિષ્ણાત અને કૃષિ જેમના જીવનનો અત્યંત પ્રિય વિષય હોય છતાં ગામડિયા બનેલા કે બનવા ઈચ્છતા સ્નેહાળ સેવકો મળે તો ખેતી સુધારને લીધે આ લોકો પુષ્કળ રાહત પામે.

(૨) સાફસૂફી કરનારા એવા જ ખાતરના નિષ્ણાત અને સફાઈના પ્રેમી સેવકોના પ્રયત્નથી ચોકખું ગામ થાય અને રસમય ખાતર મળે તો દર્દ ઓછાં થાય ને પાકમાં બરકત થાય.

(૩) એવા વ્યાપારી સેવકોની પણ જરૂર છે કે, જેઓ એવી વ્યવસ્થા બારોબાર કરી લે, કે જેથી ખેડૂતને પોતાનો માલ અહીંથી ભરીને મુશ્કેલી સાથે પાસેનાં નાનાં શહેરોમાં લઈ જવો પડે છે ને ત્યાંના પીઠભાવે નિરુપાયે વેચવો પડે છે, તે કષ્ટ મટી જાય અને શહેરી ચેપથી બચે; તેમજ જો ચરખા અને પીંજણ–કાંતણનાં કેન્દ્રો ખોલાય તો અહીંના વણકરોના આશીર્વાદ મળે અને ગામને મજૂરીનો લાભ મળવાથી મજૂરી પર નિર્વાહ ચલાવતાં હોય તેવાં કુટુંબોને પુષ્કળ મદદ મળે.

અહીંનું સંગઠન એક રંગીલું વાતાવરણ તથા શહેરી

વાયુનો પ્રાયઃ અભાવ આદિ સંયોગો; થોડો અપવાદ ન ગણીએ તો રચનાત્મક કાર્ય માટે ઠીકઠીક અનુકૂળ છે.

સર્વત્ર શાંતિ વિસ્તરો ! ! !

મૈયા મંદિર, માણકોલ    તા. ૭–૭–૩૯    સંતબાલ

*

# પ્રયોગ – દર્શન

## પ્રયોગ પહેલાં...સન ૧૯૩૭

નપાણીઓ પ્રદેશ, પાણીએ તાળાં, મૂડીવાદ, જમીનદારી પ્રથા, વહેમ, સામાજિક કુરૂઢિઓ, ઢોરચોરી, ધાડલૂંટ, જાસાચિઠ્ઠી, આગ, નિરક્ષરતા, વ્યસનો, રોગ.

## પ્રથમ દસકો

૧૯૩૭ થી ૧૯૪૭

**લોકસંગ્રહ – પરિભ્રમણ :**

એકે એક ગામનો પગપાળા પ્રવાસ, ચાતુર્માસ નિવાસ, ચાલુ જ્ઞાતિ – પંચોનું નવ સંસ્કરણ, ગ્રામ સભા – વિભાગીય સંમેલનો, વિશ્વવાત્સલ્ય ચિંતકવર્ગો – શિબિરો, વ્યસન નિષેધ આંદોલનો, સામૂહિક પ્રાર્થના, સર્વ જ્ઞાતિમાં ભિક્ષાચરી, સ્થાનિક લોક સેવકોનું ઘડતર, સંસ્થા અને સંગઠનોની ભૂમિકા નિર્માણ, રાહત કાર્યો, શહેરો ગામડાંને પૂરક અને મદદરૂપ બને એવી ભૂમિકા.

## બીજો દસકો
### ૧૯૪૭ થી ૧૯૫૭

**સ્વરાજ્યની સાથે સાથે :**

સંસ્થા સંગઠનોનું માળખું, પૂરક, પ્રેરક અને માર્ગ-દર્શક પરિબળોનું નિર્માણ, નૈતિક ગ્રામ સંગઠન, રચનાત્મક કાર્યકર સંગઠન, ક્રાંતિ પ્રિય સાધુ સમાજ, આયોજનનો પાયો–ગામડું, સપ્ત સ્વાવલંબી ગ્રામ સમાજ, કોંગ્રેસની શુદ્ધિ અને સંગીનતા, સહકારી અર્થ વ્યવસ્થા, પંચપ્રથા, જમીનદારી નાબૂદી, ભૂદાન કાર્ય, ગો–સંવર્ધન, ખેતી વિકાસ, ગૃહ–ગ્રામોદ્યોગ, ભાલ પાઈપ લાઈન – પાણી યોજનાનો અમલ, વૈદકીય સેવા, સેવાનાં વિવિધ કેન્દ્રો, શુદ્ધિ પ્રયોગ ( સ્વરાજ્યનું સત્યાગ્રહ શાસ્ત્ર)

## ત્રીજો દસકો
### ૧૯૫૭ થી ૧૯૬૭

**પ્રયોગની વ્યાપકતા :**

વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, માતૃ સમાજ, દેશભરમાં પરિભ્રમણ, પશુબલિ નિષેધ કાર્ય–કલકત્તા, ગ્રામ કોંગ્રેસ.

## ચૌદ વર્ષનો સ્થિરવાસ
### ૧૯૬૮ થી ૧૯૮૨

આંતર રાષ્ટ્રીય કેન્દ્ર ચિંચણી ( મહારાષ્ટ્ર ), અનુબંધ વિચારધારા, સાધુ સમાજ–સેવક સમાજનું સંકલન.

## વાત્સલ્યનો વડલો

**માતૃ સંસ્થા :** ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ

**સ્થાપના** : ડિસેમ્બર ૧૯૪૭

પબ્લિક ટ્રસ્ટ નોંધણી નંબર એફ ૨૦

**આદ્ય** સ્થાપક હોદ્દેદારો :

૧ પૂ. રવિશંકર મહારાજ
પ્રમુખ – ૧૯૪૭ થી ૧૯૫૬

૨ શ્રી પરીક્ષિતલાલ મજમુદાર
મંત્રી – ૧૯૪૭ થી ૧૯૫૯

૩ શ્રી ગુલામરસુલ કુરેશી
ઉપ પ્રમુખ – ૧૯૪૭ થી ૧૯૫૬
પ્રમુખ – ૧૯૫૭ થી ચાલુ

૪ શ્રી છોટાલાલ વસનજી મહેતા મંત્રી

**પ્રવર્તમાન** પદાધિકારી : ૧૯૭૬ – ૮૨

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ગુલામરસુલ કુરેશી | પ્રમુખ |
| ૨ | કુ. કાશીબહેન મહેતા | ઉપ પ્રમુખ |
| ૩ | શ્રી અંબુભાઈ શાહ | મંત્રી |
| ૪ | શ્રી સુરાભાઈ ભરવાડ | સહ મંત્રી |

## સંઘ સંચાલિત સંસ્થાઓ

| ક્રમ | નામ | સ્થાપના |
|---|---|---|
| ૧ | જલ સહાયક સમિતિ ( હેતુ પૂર્ણ થવાથી બંધ) | ૧૯૪૩ |
| ૨ | વિશ્વવત્સલ ઔષધાલય ( ગુંદી – શિયાળ ) | ૧૯૪૪ |
| ૩ | ઋષિ બાલ મંદિર સાણંદ | ૧૯૪૭ |

૪ મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર અમદાવાદ ૧૯૪૭
(પુસ્તક પ્રકાશન – વિશ્વવાત્સલ્ય પાક્ષિક
પ્રયોગદર્શન માસિક)
૫ ખેડૂત મંડળ ૧૯૪૮
૬ ભાલ નળકાંઠા ગોપાલક મંડળ ૧૯૫૦
૭ ગુજરાત ગોપાલક મંડળ ૧૯૫૫
૮ સઘનક્ષેત્ર સમિતિ ગુંદી (ખાદી ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ) ૧૯૫૪
૯ શિક્ષણ સંસ્કાર સમિતિ ગુંદી ૧૯૫૭
૧૦ ખાદી ગામોદ્યોગ મંડળ રાણપુર ૧૯૫૬
૧૧ કૃષિ વિકાસ સમિતિ ૧૯૬૨
૧૨ શ્રમજીવી મજૂર મંડળ ૧૯૭૨
૧૩ માતૃશ્રી મોતીમણિ સ્મૃતિ ટોળ ૧૯૭૭

## પ્રયોગ અન્વયે સંસ્થા નિર્માણ

૧ સર્વોદય યોજના ૧૯૪૯
૨ વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ મુંબઈ ૧૯૫૮
૩ માતૃસમાજ : ૧ મુંબઈ
૧ ઘાટકોપર ૧૯૫૮
૨ શિવ ૧૯૫૯
૩ સી. પી. ટેન્ક ૧૯૬૦
૨ અમદાવાદ ૧૯૬૨
૩ કલકત્તા ૧૯૬૪
૪ ધંધુકા તાલુકા જયાવિજય માતૃસમાજ ૧૯૮૧

૪ પશુ બલિનિષેધક સમિતિ કલકત્તા ( સ્થગિત ) ૧૯૬૪
૫ ભાલ સેવા સમિતિ ૧૯૬૪
૬ સર્વધર્મ ઉપાસના સમિતિ ભીલાઈ ૧૯૬૪
૭ આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ચિંચણી ( મહાવીરનગર ) ૧૯૭૦

o o o

## પ્રયોગ—કાવ્ય

### ૧. પ્રવેશ અને સમાજ સુધારણા

વિશ્વના નકશામાં ભાલનળકાંઠા પ્રદેશ સિંધુમાં બિંદુ માત્ર પણ ગાગરમાં સાગર, પિંડે તે બ્રહ્માંડે, આત્મા સૌ પરમાત્મા અને સંતની વ્યક્તિ ચેતનાએ વિશ્વચેતનામાં ભળવા, એકરૂપ થવા દોટ મૂકી. સંવત ૧૯૯૪નું ચાતુર્માસ વાઘજીપુરાના કુબામાં કર્યું અને પછી 'ધર્મદૃષ્ટિએ સમાજ રચના'ની પ્રયોગભૂમિ ભાલનળકાંઠામાં સંતબાલજીનો પ્રવેશ થયો અને મંગલાચરણ શરૂ થયું. માનવધર્મનું પ્રાથમિક પગલું સમાજ સુધારણા

સવૈયા

સંવત ઓગણીસસો પંચાણું
પોષી પૂનમ મન ભાવી
સંતબાલને નળ કાંઠાની
દુઃખી ધરા ખેંચી લાવી

માંસ, મદિરા, શિકાર, જુગટુ ગામ ગામમાં વ્યાપક જયાં
ચાહ, તમાકુ ને બીડીનાં વ્યસનો ઘરઘર શાપ સમાં

નિર્બળ તનડાં, પોચાં મનડાં, પૈસાનું કરતા પાણી
વહેમ કુસંપો જાસા ઝઘડા કુટિલ જનોને ઉજાણી
ધરતી કહે : મનોબળ દૃઢ દો, એવી કંઈ આશિષ આપો
પછાત નળકાંઠાની જનતાનાં આ સઘળાં દુઃખ કાપો

સંત વિચારે મનમાં ત્યારે
કરુણા – ઝરણું સળવળતું
'ધર્મ દૃષ્ટિએ સમાજ–રચના'
સ્વપ્નું લાધ્યું ઝળહળતું !
માણકોલમાં અદ્ભુત એવું
લોકપાલ સંમેલન મળ્યું
જાણયે વિખરાયેલું ઝરણું
પ્રેમે મુખ્ય પ્રવાહે ભળ્યું
સાંઠો સાંઠો હતા લોક સૌ
બાંધ્યા પ્રેમ તણા બંધે
નીમ્યું પંચ, કર્યું સંગઠન
સજી એકતા સંબંધે

## ૨. પાણીની પાઈપ લાઈન

નપાણિયો ભાલ
ઝાંઝવાનાં જળ
પાણીએ તાળાં

આ દુઃખદ દૃશ્ય દેખી સંતના પવિત્ર હૃદયમાંથી કરુણાનું કાવ્ય સ્ફૂર્યું અને એમાંથી સાકાર થઈ **ભાલ પાઈપ લાઈન યોજના.**

ત્યાંથી ચરણો આગળ ધાય,
નજરે નવું કૈંક દેખાય !!

દોહરા

મૃગજળ ભાળી ભાલમાં ભૂલ્યો તું ભગવાન
જળ મીઠે વંચિત રહ્યાં જન–પશુ–ખડ ને ધાન

સવૈયા

ખારાં ડોળાં પાણી પીતાં, ગાગર જેવાં પેટ ફુલાય
મીઠાં જળનાં સ્વપ્નાં ના’વે આંખો ઝીણી તેજ ઓલાય
ધોળી તે ગામને તળાવ કાંઠે સંત
ઊભો એક અચરજ જુવે રે...
પાવળું મીઠા પાણી કાજે ટળવળતાં લોક જોઈ
અંતર એનું છાનું છાનું રુવે રે....
ખાડ ખાડે ખાટલા ઊંધા ઢાળીને લોકો
છાલિયે ઉલેચી પાણી ભરતા રે...
અમરત ચોરાયે ન મારું મોંઘેરા મૂલનું એ
ચિંતા ચિત્તમાં કરતા રે....

ઉપજાતિ

તળાવમાં કૂપ અનેક ગાળી
ચોકી કરે રાત્રિ–દિને ખડાં ખડાં
આબાલ વૃદ્ધો જળની અહાહા !
ત્યારે મળે પાવળું માત્ર પાણી !!

સવૈયા

સંત–હૃદયથી કરુણા કેરાં પાવન અમી–ઝરણાં ઊમટયાં
નયનોથી મોતીડાં છલકયાં પાંપણ–પાળે જઈ અટકયાં
"સુણો સજ્જનો, માનવતાનો સાદ આ હેતે મન ધરજો
તરસ્યા દુઃખિયા નપાણિયા ભાલનો મીઠા જળ થકી ભંડારભરજો"

અફળ ન જાય કદી સંતની વાણી
ભાઇ, ભાલમાં પાઇપલાઇન નખાણી !

સવૈયા

પૂર્ણ બન્યું પહેલું આયોજન
ગામ ગામ જળ–ટાંકી મળી
હરખ્યાં લોક ધ્રપીને જળથી
જન–જીવનની આશ ફળી

## ૩. ઔષધાલય

પછાત એવો આ ભાલ નળકાંઠા પ્રદેશ. એના પ્રશ્નોનો પાર નથી. એમાંનો એક અગત્યનો પ્રશ્ન આરોગ્યનો. માઈલો સુધી ડૉકટર કે દવાનાં દર્શન દુર્લભ. વહેમ અને અજ્ઞાનથી ઘેરાયેલી ને રોગમાં સબડતી પ્રજા. રાહતની જરૂર હતી અને એમાંથી આવ્યાં ઔષધાલયો.

સવૈયા

શીતળા તાવ ભાદરવો ભારે અનેક રોગના વાયરા વાય
ઓરી અછબડા મરડા આંકડી સારવાર વિના લોક રીબાય

દોહરો

ઔષધ વૈદ્ય મળે નહીં, પ્રસૂતા પેટ પીડાય
મૂંગાં આંસુ સારતાં બાળ–મરણ બહુ થાય

રાગ : ધોળ

**ભૂવા** ધુણાવે ડાકલાં વગડાવે, ધૂતે ધૂતારા મૂઠ મંતરાવે
**ભૂત**–પ્રેતથી ઢોંગી બાંધે બાખડી,
દોરા–ધાગા ને રાખે બાધા–આખડી
**'વેણુ–વધાવો'** દાણા જોવરાવે રે,
મઢમાં માળા ધુપેલિયું ઉપડાવે રે
**લોહ** કડાઈમાં તેલ કકડાવે રે,
વીંટી ધગતી પાંચશેરી ઉપડાવે રે

દોહો

ભૂવા ભગત બારોટ જળોની જેમ ચોંટતા
કપટ દાબ ને દંભથી હીર બધુંયે ચૂસતા

રાગ : પ્રભાતિયું

**વહેમને** કાઢવા, રોગ અટકાવવા,
આશ્વાસન ઓસડનું આપવાને
**ઔષધાલય** તણી સગવડો શરૂ કરી,
દરદીના દુઃખ સૌ ડામવાને
**રોગીમાં** ભગવાન ભાળી માની જેમ,
સેવા શુશ્રૂષા એની કરતા રે
**દીનહીન** કંગાલ ભોળા લોકો અંતરની દુઆ
આશિષ આપી ઝોળી ભરતા રે

## ૪. ગ્રામ સંગઠન

કહ્યું છે કે કલીયુગે. . . . સંઘશક્તિ
પણ સંતે કહ્યું,

સંઘની સંગઠન શક્તિનો પાયો નીતિ.
જેમાં જન સાધારણનું હિત
જળવાય એવી નીતિ
અને નિર્માણ થયું 'નૈતિક ગ્રામ સંગઠન'.

સવૈયા

શ્રદ્ધા મનમાં, શક્તિ તનમાં, ભક્તિ ભરી હૃદયમાં
સંત–ચરણથી પાવન ધરતી, ભાલ ભળ્યું ભાગ્યોદયમાં
ભૂમિ પારકી, છપ્પર બીજાનાં, પાક નહીં પકવે તેનો
પવિત્ર ગૌમાતા, પણ એને હક નહીં ઊભા રહેવાનો !

(રાગ : ડગલો ડગલો થાય છે)

વેઠે કેડયો વાંકી વળતી,
વ્યાજે વણિક તિજોરી તરતી
આવે ઘઉંની વાવણી
જાણે ઘીની તાવણી
બુકાની બાંધી ધાડાં ફરે
ખેતરમાં રાતે બંદૂક ધરે
છોડી બળદને હાલ્યા જાય
બીકમાં ખેડૂત મૂંગો થાય
હતો બિચારો બાપડો
ગરીબ કંગાલ ને રાંકડો

સવૈયા

રાખ ઊડી ગઈ પ્રગટયું ચેતન, વાણી સંતની કાન પડી
જાગીને જોયું અંતરમાં અમૂલખ એવી વસ્તુ જડી

ભલું બીજાથી થતું નથી એ કરવું પોતાએ જ પડે
સત્પુરુષાર્થ કરે માનવ તો ભાગ્ય દોડતું પછવાડે

દોહરો

પોતાના પ્રશ્નો કયા, પડે ખબર નહીં કાંઈ
હૈયે હામ ધરી કર્યું, ગ્રામ સંગઠન સાંઈ

## ૫. શિક્ષણ સંસ્કાર

સમાજની પ્રગતિની આધારશીલા તે શિક્ષણ.
પણ કેવું શિક્ષણ ?
માનવને સંસ્કારી બનાવે,
એની બધી ઇંદ્રિયોને કેળવે,
એને ગૌરવભેર પગભર કરે
અને એવું શિક્ષણ આપવા શરૂ થયાં :

### શિક્ષણ-સંસ્કારનાં કેન્દ્રો

પણ તે પહેલાં સ્થિતિ આવી હતી :–
"એક રૂપિયાનો ગોળ
ગોળનો એક રૂપિયો,
ઉધાર રૂપિયો એક
ગોળ ત્રણ રૂપિયે પડ્યો !
શેઠ ભણેલ ગાદીએ બેસી
લાંબી લેખણે હિસાબ તાણે
રૂપિયો કેવળ એક, પણ
ત્રણ બોલીના ત્રણ ગણે ! ! !

અભણ લાચાર, ભલો ભોળો ઘરાક
એનું ડોકું ધુણાવી હામાં હા ભણે !
શેઠની હામાં હા ભણે !

છંદ

રૂપિયાનું ગણતાં પરચૂરણ, અધધધ જેને થઈ પડતો
કાળા અક્ષર કૂટી માર્યા અંગૂઠા છાપ ને અભણ હતો
એ ભણી ગણી કાબેલ થયો, સહકાર અને પંચાયતથી
લાખે લેખાં એ લખે હવે વેપાર–વણજની ફાવટથી

દોહરો

ઋષિવર ‘રખેહર’ ભંગી બન્યો
તેનું ઋષિ–બાલમંદિર !
ઉત્તર–બુનિયાદી, શાળાંત ને
અધ્યાપન મંદિર !

સવૈયા

ગાંધી બાપુની નયીતાલીમના સિદ્ધાંતો છે પાયાના
તેને શિક્ષણ–સંસ્કાર સાથે, પ્રયાસ છે સાંકળવાના

## ૬. ખાદી–ગ્રામોદ્યોગ

ભૂખ્યાંને રોટલો આપવો
તે પુણ્ય છે.
કોઈનો રોટલો લેવો તે પાપ છે.
કોઈને રોટલાનું સાધન આપવું તે ધર્મ છે.
કોઈનું રોટલાનું સાધન ઝૂંટવવું તે અધર્મ છે.

**જે યંત્રો રોટલો છીનવે-પરિગ્રહ વધારે**
**તે મહારંભ. માટે હિંસા.**
**ખાદી ગ્રામોદ્યોગ અસંખ્ય ગરીબોને રોજી આપે છે અને મહારંભમાંથી અલ્પારંભ ભણી લઈ જાય છે અને સક્રિય અહિંસાનાં આવાં કેન્દ્રો સ્થપાયાં તે ખાદી-ગ્રામોદ્યોગ.**

સવૈયા

**જૈનો** કહે છે બધા ધર્મમાં પરમો ધર્મ અહિંસા છે
**મન**-વાણી-કાયાથી કરો-કરાવો-અનુમોદો તે હિંસા છે
**ક્રિયા** માત્રમાં દોષ રહ્યો, આરંભ સમારંભ હિંસા ગણે
**સાધુ**જનોને તે કલ્પે નહીં એમ શાસ્ત્રોની ગાથા વાંચે-ભણે
અહિંસાના પૂજારી યુગ-પુરુષ ગાંધીએ
ખાદીને અહિંસાનું પ્રતિક ગણી
**કહ્યું** : કાંતો, વણો!, ખાદી પંડે પહેરો
શહેરો વળો તમે ગામડાં ભણી
**મિલ**-કાપડના મહારંભમાં મહાપરિગ્રહ હિંસા છે
**ચરખામાં** આરંભ ખરો પણ અલ્પારંભ અહિંસા છે.

દુહા

**ઘંટી,** ઘાણી ને ખાણિયો, ખાદી, ખેતી ને ગાય
કુંભારી, લુહારી, સુથારી ને વળી અહિંસક સાબૂ થાય
ટેકનોલોજી વિજ્ઞાનનો વિવેકભર્યો ઉપયોગ
અહિંસા પરમોધર્મનો વ્યવહારે છે યોગ

## ૭. સપ્ત સ્વાવલંબન

પેટ, પહેરણુ અને પથારી
શિક્ષણુ અને આરોગ્ય
ન્યાય અને રક્ષણુ
એ સાતે બાબતમાં
ગામડાં પગભર બને.
આમ આર્થિક સ્વાવલંબન અને
સત્તાના વિકેન્દ્રીકરણુના નમૂનારૂપ
સાકાર થયું સપ્ત સ્વાવલંબન.

સવૈયા

ગામે ગામે બની મંડળી, સહકારી બેંકની શાખા ઘણી
ખેડૂત–ભરવાડ બન્યા બેંકના ડાયરેકટર ને રણીધણી
ખેડે તેની થઈ ધરતી પણુ 'કાયમી હક'માં વાંધો પડચો
નજર ન પહોંચે ઝાંપા સુધી તે કિસાન સુપ્રીમ સુધી લડચો
પકવનારની પાસ પીઠ નહીં, પાણી મૂલે પાક ખપે
પરવડે તેવી ભાવનીતિના ખેડનાર ખાનાર જાપ જપે
સરકારે સ્વીકાર કર્યો છે સૈદ્ધાંતિક સપાટીએ
પચ્ચીસ વર્ષે ફળી માગણી ધીરજની પરિપાટીએ
મહેનતનું ફળ બીજો ભોગવે, નહીં શ્રમિકની માલિકી
પોષણુ જેટલી મિલકત રાખો, મૂળભૂત હક્કમાં પોતીકી
ખેડૂત મંડળે સૂચવેલો આ બંધારણામાં સુધારો
વીસ વીસ વરસે ભારતભરમાં, જાગી પડચો મોટો નારો

દોહરા

અન્ન વસ્ત્ર ને ઓટલો, ઝઘડે લવાદી ન્યાય
સીમ શેઢા ઘર હાટ ને શીલનું રક્ષણ થાય
સુશિક્ષણ આરોગ્યથી સપ્ત-સ્વાવલંબી સમાજ
સત્તા વિકેન્દ્રિત બને, સાચું ગ્રામ-સ્વરાજ

## ૮. લોકશાહી સુરક્ષા

લોકશાહી સતત વિકસતી જતી પ્રક્રિયા છે.
તેને સુદૃઢ બનાવવી જોઇએ.
સહુની શક્તિ પરસ્પર પૂરક બનવી જોઈએ.
પ્રશ્નોનો ઉકેલ તોફાન કે હિંસાથી નહિ.
સંત પુરુષોના આશીર્વાદ મેળવી
તપ ત્યાગના સામૂહિક પ્રયાસોથી લાવવો જોઈએ.
સંત આર્ષ વાણીએ ૩૦ વર્ષ પહેલાં આપેલી
આ શીખનું મૂર્ત સ્વરૂપ તે શુદ્ધિ પ્રયોગ
અને પરિણામ લોકશાહી સુરક્ષા.

સવૈયા

રોજી રોટી મકાન કપડાં સમાન ગૌરવ સૌને મળે
પછાત નારી ગ્રામ નગર સહુ પૂરક બનીને હળેભળે
નહીં સંઘર્ષ, નહીં તોફાનો, બંધારણ કાનૂન પાળો
રાષ્ટ્રની મિલકત છે પોતાની એમ ગણીને ના બાળો
કદી થાય અન્યાય અનીતિ, અહિંસાથી પ્રતિકાર કરો
આચાર્યોની આશિષ પામો, સમાજ-જીવન તપથી ભરો

## ૯. શાસન મુક્તિ

આદર્શ ઊંચો છે.
ધર્મદૃષ્ટિએ સમાજ રચના.
એનો વહેવાર શક્ય છે? હા. પણ તે માટે
શાસનનો આધાર છોડતા જવો અનિવાર્ય છે.
સંયમ અને શિસ્ત વડે તે બની શકે.
ઘડાયેલું સંસ્થાકીય બળ આમાં મદદરૂપ થઈ પડે.
વિશ્વભરમાં ઐતિહાસિક પરંપરા અને પ્રણાલીથી
પોષાયેલું કોઈ પરિબળ હોય તો તે રાષ્ટ્રીય મહાસભા-
તેના ઉચ્ચ આદર્શોનું સાતત્ય સાચવવું
અને તેના માળખામાં યોગ્ય પરિવર્તન કરવું
આમ પૂરક, પ્રેરક અને માર્ગદર્શક બળનું સંકલન
અને અનુબંધ સિદ્ધ કરશે **શાસન મુક્તિ.**

સવૈયા

વિશ્વશાંતિનો ધ્યેયમંત્ર છે, વિદેશનીતિ તટસ્થ સહી
પંચશીલ ને ન્યાયે સક્રિય, પરંપરા ભારતની રહી
સમાજવાદ લોકશાહી, સર્વધર્મ સમાદર છે
રાષ્ટ્રવાદ નહીં સંકુચિત ને, ના કોઈ પંથ અનાદર છે
ભવ્ય વારસો ભૂતકાળનો, સાતત્યે જારી રાખો
કલેવર બદલો, પ્રાણ સાચવો, કાયાકલ્પ કરો આખો
કોંગ્રેસને સહયોગ આપવા અને સમર્થન કરવામાં
દૃષ્ટિ આ પૂરક-પ્રેરકની, ધરબી ઊંડા પાયામાં

રાષ્ટ્રહિતમાં સત્તાપક્ષનો, શાંત વિરોધ જરૂર કરો
પૂરક–પ્રેરક માર્ગદર્શક બળ, અનુબંધ વિચારથી યશને વરો
સત્તા ગૌણ બને ને જનતાનાં શક્તિ તપ તેજ વધે
સજા દંડ કે કેદ નહીં ને, અનુશાસન સ્વ–શિસ્ત બધે

દોહરો

એક દિન એવો આવશે, શ્રદ્ધા છે ઘટમાં
ધર્મદૃષ્ટિએ સમાજરચના, સર્વોદય જગમાં

## ૧૦. બંધન મુકિત

માનવ માત્ર ઝંખે છે મોક્ષ.
ભારતમાં મોક્ષ માર્ગની સડક તૈયાર છે.
પગલી ભરવી પડે. ભલે વરસો લાગે. ભવો જાય.
પગલે પગલે બેડીઓ તૂટતી જશે
અને થશે બંધન મુકિત.

મહાવીરે પ્રરૂપેલી, ઋષિ મુનિએ સેવેલી
સંસ્કૃતિમાં વણાયેલી, ભારતે પચાવેલી
શ્રીમદ્‌ને લાધેલી, જ્ઞાને ઉપદેશેલી
ગાંધીએ સાધેલી, જવાહરે સિંચેલી
સંતે સમજાવી એ અહિંસાની વાતલડી
સંઘે ઉપાડી પા પગલી એ વાટલડી

દોહરો

સંતો આપે પ્રેરણા, સ્વ–પર કલ્યાણ કાજ
બંધન તૂટે કર્મનાં મુક્તિ મળે ભવ આજ

અંબુભાઈ શાહ

# લોકપાલ પટેલની ટેકીલી વૃત્તિ

અમો બંધારણ પછી માનકોલ ચોવીશીમાં લોકમાન-સનું નિરીક્ષણ કરવા તથા બંધારણ પાછળનો હેતુ સ્પષ્ટ કરવા ફરતા હતા. 'ભાટ્ટોની દેવતી' ગામમાં ચોરામાં નિવાસ થયો કે ગામ આખું ભેગું થઈ ગયું. સાથીઓ નિયમાવલિ વાંચતા હતા અને મૌન સમય થઈ ગયો, ત્યાં ઓચિંતી ગામમાં બૂમો સંભળાઈ.

વાત એમ હતી કે 'ભાટ્ટોની દેવતી'ની સીમમાંથી એક મોટર ધીરે વેગે પસાર થતી હતી, અંદર 'સોફર' સિવાય બે વાઘરી અને એક સાહેબ હતા. એની ઉપર બે 'લોકપાલ પટેલ' જુવાનોની દૃષ્ટિ ગઈ એટલે દોડીને મોટર રોકી...વાઘરીને ધમકાવ્યા. તે એમના અંગ પર આવ્યા એટલે ઝપાઝપી ચાલી. સાહેબ; ડોસા પારસી બાવા હતા. શિકાર અર્થે અમદાવાદથી નીકળેલા. 'જુવા-લ'ની જાણીતી પાટ પર ગયા. પણ હવે આગલા દિવસો ન હતા, કયાંય ન ફાવ્યા એટલે 'જુડા'ના બે વાઘરીને મદદમાં લઈ અજ્ઞાત પ્રદેશમાં નીકળેલા પણ આ આખો પ્રદેશ નિયમને આધીન હતો, એની એમને જાણ ન હતી.

હવે વાઘરીઓ ખૂબ ગભરાયા, સાહેબ પણ મુંઝાયા. એની બંદૂકની બીકથી જુવાનિયા ગાંઠે તેમ ન હતા. મોટરનો કાચ ફૂટયો; આ હુંસાતુંસી ને બૂમરાણની વાત ગામમાં પહોંચી એટલે ગામ આખું દોડયું.

જ્યાં જોયું ત્યાં અહિંસાની રક્ષા માટે આવી જબરાઈ ભર્યો પશુબળનો એ જુવાનોએ અજમાવેલો ઉપચાર જોઈ ભારે દુઃખ થયું. વાતાવરણમાં ઉશ્કેરાટ હતો, પણ હાથ ઊંચો થતાં સહુ શમશમી રહ્યા. પ્રિય છોટુભાઈએ પારસી બાવાની જોડે મીઠાશથી વાત કરી, ધીરજ આપી. અહીંની પરિસ્થિતિની અને થયેલા બંધારણની સમજ પાડી. પછી વિશ્વાસ પમાડી પારસી બાવાને લઈ ચોરામાં આવ્યા કે તુરત ગામે એ અતિથિનું ભાવભીનું આતિથ્ય કર્યું. એ હેતથી છલકાતું તાજું દૂધ એમણે પુષ્કળ ભાવથી પીધું અને આ લોકોની આવી પલટાયેલી સ્થિતિ જોઈ, એમનું હૃદય દ્રવી ઊઠ્યું. આંખમાંથી બે–ચાર અશ્રુ બિન્દુઓ ટપકી પડ્યાં. માણસના ખીસ્સામાંથી એમણે રકમ કાઢી રૂા. ૧૦) ગામ ચરણે ધર્માદા માટે પોતાની ભેટ ધરી. સહુ બોલી ઊઠ્યા : "સાબ ! આ બિચારાં અપરાધવણાની હત્યા છોડો એટલે જાણે લાખોની ભેટ અમને આપી દીધી જાણશું." "જેઓ પહેલાં એ જ શિકારમાં સાથ આપતા હતાં તે જ આજે આમ બોલે છે.' એ જાણી એમને ઊંડી અસર થઈ. એમણે વચન આપ્યું કે "હું હવેથી આ પ્રદેશમાં નહિ આવું અને આવું કૃત્ય ફરીથી નહિ કરવાનું "અહુરમજદ" પાસેથી માંગી લઈશ. તમારી ભલી લાગણી દુભાવી છે; એ પ્રાયશ્ચિત્ત બદલ હું આજીજી કરું છું કે તમે આટલું જરૂર સ્વીકારો, અત્યારે મારી પાસે વધુ નથી પણ હું આવતે રવિવારે રૂા. ૫૦) બીજા

આપી જઈશ, એ પણ સારા કામમાં વાપરી નાખજો.”

ખરેખર! આપેલ વચન પ્રમાણે તે આવીને મમતાભરી રીતે આપી ગયા. ઉપરાંત ત્યાંના બાળકોને મિષ્ટ પ્રસાદી વહેંચી અને છેવટે કહ્યું કે અહીં પશુને પાણી પીવા માટે હવાડાની તમને જરૂર છે, એમ મેં જાણ્યું છે એટલે એ કામમાં હું રૂપિયા ૧૦૦] બીજા આપીશ.

આ પારસી ભાઈ બહુ સારી સ્થિતિના નહોતા. છતાં, એમનું દિલ અર્પણ ભાવથી ઉભરાઈ ગયું હતું. આ પ્રસંગે તેમને ભાવભીના કરી મૂકયા હતા, તે સાવ સ્પષ્ટ હતું. એ પારસી ભાઈને સંખ્યાબંધ ધર્મશાસ્ત્રોના ઉપદેશમાંથી ન મળે તેવું સત્ય આજે માનવ હૃદયની અમાપ લાગણીમાં નજરે ચડ્યું હતું. ગામનો આનંદ માતો નહોતો.

પણ જે આનંદ ગ્રામજનોનો હતો તે, સાહેબે આવી પાપ વૃત્તિથી પાછા ફરવાના વચન બદલ હતો. કંગાળ સ્થિતિમાં પણ રૂપિયા; એ એમને મહત્ત્વની વસ્તુ નહોતી.

આ પ્રસંગ પરથી એમની સંગઠિત ટેકીલી વૃત્તિ અને પ્રેરક પ્રત્યેની વફાદારીનો ખ્યાલ આવશે. આવા આવા નાના મોટા તો બહુ ઠેકાણે પ્રસંગો બન્યા હશે. પણ એવા પ્રસંગોમાં એમને અહિંસક દૃષ્ટિ રાખી અહિંસક રીતે સામનો કરવાની તાલીમ હવે પૂરેપૂરી કાળજીથી મળવી જોઈએ; નહિ તો આ ઉભરો કયારે શમાઈ જાય એ કહી શકાય નહિ.

**સંતબાલ**

# નિરક્ષર કવિ

## લોકપાલ પટેલ મોહનલાલ છેલાભાઈ

રચિત

## છપ્પનીયો

અષાડે અલબેલડો નાવિયો, સેડુ[2]ને પાડી કાશ;
સપનિયા[3] તારી સાલમાં, ટોલિયે[4] વેસી છાશ. ૧
શ્રાવણ ગયો વણ–સરવડે,[5] ઢોર ઢેઢું[6]ને ઘેર;
સપનિયા તારી સાલમાં, વાળ્યો કાળો કેર. ૨
ભાદરવો ભરમાંડ[7]માં સાંટો પડ્યો ના એક;
સપનિયા તારી સાલમાં, કાઢી આશા છેક. ૩
આસોના દા'ડા ઉજળા, સહુ સોકડી[8]એ જાય;
સપનિયે મલાજો મેલાવિયો, ગાળે સે સસરો ને વહુ. ૪
કાર્તકે કોઈ વેચે, ઢાંઢા ને વળી ઢોર;
પરાણે પકવી વાડીઓ, પાકતાં પહોંસ્યા સોર. ૫
માગસરે મત[9] મુંઝવી, કાઢે નળની બીડ;[10]
સપનિયા તારી સાલમાં, પેટમાં વાપરી પીડ. ૬
પોહ મહિને પરણેલી, જુવે પીયુની વાટ,
દાણા હોય તો વે'લો આવજે, (નહિતો) દેહની થાશે ઘાત. ૭
માહ મહિને મૂકયાં માવતર, સોકડિયું ગાળવા ઝાય;
સસ[12] દાડે પગાર સૂકવે, નમુંડયાં[12] શું ખાય? ૮

---

૧. મુખીપણું, ૨. ખેડુત, ૩. છાપનિયા, ૪. તાંસળે. ૫. સરવડિયું થયા વગર. ૬. ઢોરો મરી જવાથી હરિજનો તાણી જતા એ વ્યંગાર્થ છે. ૭. બ્રહ્માંડ. ૮. તળાવ ગાળવામાં ચોકડીઓ ખોદાય છે તે. ૯. મતિ ૧૦. નળ સરોવરમા અપથ્ય એવું થતું એક ધાન. ૧૧. છ છ. ૧૨. મૂડી વિનનાં.

સઘળો શિયાળો ઊતર્યો, આવી હોળીની ઝાળ,
અફ્ણુ[1] બંધાણીનાં ખૂટિયાં, પૈસાનું પૂરું ને‌ા થાય. ૯
સૈતરે[2] સહુને આલે[3], ગરીબને વળી ડોલ[4];
સાંજ પડે સહુ ભેળાં થાય, ધરૂંસકે[5] વાગે ઢાલ. ૧૦
વૈશાખે હાલે[6] વાદળાં મે[7]ની મેલી આશ;
વેસ્યાં સે ખાટલા ને ગોદડાં, વેસ્યાં[8] પરુણા[9]ને રાસ.[10] ૧૧
જેઠ મહિને ઘણાં જાળવ્યાં, પોંસ્યાં[11] નહિ કોઈ ઘેર;
સપનિયા તારી સાલમાં, વાળ્યો કાળો કેર. ૧૨
અષાડે આવી પહોંસિયાં, સહુ સહુને વળી ઘેર;
પાસલ્યા[12] પનરમાં[13]વરસિયો, થઈ સે[14] લીલાલ્હેર. ૧૩

---

૧. અફીણ. ૨. ચૈત્ર માસે, ૩. આપે. ૫. ધર્માદાનું અનાજ, ઢમઢમ ૬. ચાલે. ૭. વરસાદ. ૮. વેચ્યાં ૯. પરોણા. ૧૦. દોરડાં. ૧૧. પહોંચ્યાં. ૧૩. પાછલા. ૧૩. પખવાડિયામાં. ૧૪. છે.

*

## પ્રયોગકાર

મુનિશ્રી સંતબાલજી એક જૈન સાધુ. પોતાને ગળથૂથીમાં મળેલી મહાવીરની અહિંસા અને ગાંધીજીની સત્યાગ્રહ દૃષ્ટિને‌ા સમન્વય તેઓ સહજ રીતે સાધી શકયા. તેમની જાગ્રત ધર્મભાવના તેમને સંકુચિત ધર્મ ભાવનામાંથી 'માનવ ધર્મ' પ્રત્યે ખેંચી ગઈ અને તેથી તેઓ વિશ્વ ધર્મી બન્યા. પોતાના સઘળા ચિંતન–મનન દ્વારા તેઓ વિશ્વમાં વાત્સલ્ય ભરવા મથી રહ્યા. અં.

# લોકપાલ પટેલની લોક અદાલત

'નાતના કાયદા' એટલે એમને મન 'વેદ વાક્ય.' જ્યારે ગુનાનું મૂળ શોધ્યું મળે નહિ, પુરાવાઓ મળે નહિ અથવા મળે તે ઉપરચોટિયા હોય ત્યારે છેવટે વાત આવે સતની. બંને ધણીના મુચરકા લેવાય અને ગુનેગાર ઠરે તેણે પંચ ઠરાવે તે શિક્ષા સહવાની.

સતની કસોટી એટલે સાધુ મહાત્માના પગ પર હાથ મેલવો, ગાયને ગળે હાથ મેલવો, પાપ પુણ્યની ચિઠ્ઠી કાઢવી અને ઝાંપના પારની એડી.

આવી વાતો આવીને ઊભી રહે, એટલે જે ગુનેગાર હોય તે તૈયાર થાય જ નહિ. તે તો એમ જ કહીને ઊભો રહે કે બીજું બધું કહો તે કરું, એ નહિ બને! એટલે એ અચૂક ગુનેગાર બની જ ગયો!

એમની અપાર ત્રુટીઓ વચ્ચે એમનામાં રહેલો આ દૈવી ગુણ સર્વોત્તમ છે. ઉજળિયાત ગણાતી કોમ કે આગળ પડતા ગણાતા શિક્ષિત વર્ગના અનુભવમાં ગીતા કે ધર્મના સોગંદ માટે આટલું દિલમાં માન બહુ ભાગ્યે જ જણાશે! મને મારી જાત માટે પણ એટલા અપાર આદર વિષે શંકા છે. કારણ કે એ એકલા હૃદયનો જ વિષય છે.

સંતબાલ

# ૐ મૈયા

મૂલ્ય : રૂા. ૩-૦૦


સંવત ૨૦૩૯ પોષ સુદ ૧૫ તા. ૨૮-૧-૮૩

પ્રત : ૧૦૦૦

મુદ્રક : પ્રવીણભાઈ ગામી, પ્રણવ પ્રિન્ટર્સ, ૧૧ અ, વિજય કોલોની, અમદાવાદ-૧૪